૨૨-૧૧-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - પુરુષાર્થ કરી સર્વગુણ સંપન્ન બનવાનું છે, દૈવી ગુણ ધારણ કરવાનાં છે, જોવાનું છે કે મારા માં હજી સુધી કયા-કયા અવગુણ છે, અમે આત્મ-અભિમાની ક્યાં સુધી બન્યાં છીએ"**

**પ્રશ્ન :-** સર્વિસેબલ (સેવાધારી) બાળકોની બુદ્ધિ માં હવે કઈ તાત (લગન) લાગેલી રહેવી જોઈએ?

**ઉત્તર :-** મનુષ્ય ને દેવતા કેવી રીતે બનાવીએ, કેવી રીતે બધાંને લક્ષ્મી-નારાયણ, રામ-સીતા ની બાયોગ્રાફી (જીવનકહાની) સંભળાવીએ - આ તાત બાળકોમાં લાગેલી રહેવી જોઈએ. લક્ષ્મી-નારાયણ નાં મંદિર માં બહુરુપી બની, વેશ બદલીને ટીપટોપ થઈને જવું જોઈએ. એમનાં પુજારીઓ ને અથવા ટ્રસ્ટીઓ ને અલગ સમય લઈને મળવું જોઈએ. પછી યુક્તિ થી પૂછવાનું છે કે તમે આ જે મંદિર બનાવ્યું છે, એમની જીવનકહાની શું છે? યુક્તિ થી વાત કરતા, એમને પરિચય આપવાનો છે.

**ગીત :-** હમારે તીર્થ ન્યારે હૈં.....

**ઓમ્ શાંતિ!** ગીત નો અર્થ ઘણી વાર સમજાવ્યો છે. આપણે હમણાં યાત્રા કરી રહ્યાં છીએ. પાછા પોતાનાં સ્વીટ હોમ (પરમધામ) જવાની. આપણે હવે ૮૪ જન્મ પૂરાં કરી પાછા જઈ રહ્યાં છીએ. આ કોણ કહે છે? બ્રહ્મા મુખ વંશાવલી બ્રાહ્મણ. તમે કર્મયોગી તો છો જ. ધંધાધોરી વગેરે આ પણ કર્મ છે. નીંદર પણ કર્મ છે. કર્મ તો કરવાનું જ છે. તમે જ્યારે આ યાત્રા પર બાપ ની યાદમાં રહેશો તો તમે દેવતા જેવા બની જશો. મનમનાભવ નો અર્થ પણ આ છે, મામેકમ્ યાદ કરો તો તમે મનુષ્ય થી દેવતા બની જશો. દેવતાઓ પણ ભારત નાં મનુષ્ય જ હતાં. ફક્ત એમનાં ચિત્ર દેખાડાય છે કે એવા થઈને ગયાં છે. ભારત માં લક્ષ્મી-નારાયણ થઈને ગયાં છે. ભારતમાં ખૂબજ મંદિર બનાવે છે. એવાં બીજા કોઈ રાજાઓ વગેરે નથી, જેમનાં મંદિર બન્યાં છે અને મનુષ્ય બેસી એમની મહિમા ગાય છે. લક્ષ્મી-નારાયણ, રાધા-કૃષ્ણ, રામ-સીતા બધાંની મહિમા ગાય છે. સૌથી વધારે મહિમા છે લક્ષ્મી-નારાયણ ની, તેઓ ૧૬ કળા સંપૂર્ણ, તે (રામ-સીતા) ૧૪ કળા વાળા. આ વાતો તમે હમણાં સમજો છો અને તમે ફરીથી એવા બની રહ્યાં છો. એમને પણ કોઈએ જરુર એવા બનાવ્યાં હશે. બાપે જ સંગમ પર કર્મ-અકર્મ-વિકર્મ ની ગતિ સમજાવી દેવતા બનાવ્યાં છે. ભારતવાસી દેવતાઓની મહિમા ગાય છે - તમે સર્વગુણ સંપન્ન.....પોતાને દેવતા નથી સમજતાં. ભારતનાં મહારાજા મહારાણી થઈને ગયાં છે. એમનામાં દૈવીગુણ હતાં એટલે એમને દેવતા કહેવાય છે. હતાં મનુષ્ય જ. ક્રાઈસ્ટ, બુદ્ધ વગેરે પણ મનુષ્ય હતાં. મનુષ્યોની જ આ દુનિયા છે. લક્ષ્મી-નારાયણ નું મંદિર પણ મનુષ્ય બનાવે છે. લાખો રુપિયા ખર્ચ કરીને મંદિર બનાવે છે. પરંતુ એ નથી જાણતાં કે એમને આ રાજાઈ કેવી રીતે મળી? એવા ગુણવાન તેઓ કેવી રીતે બન્યાં? અમે પોતાને પાપી, નીંચ કેમ કહીએ છીએ? આ તો બહુજ ફરક થઈ જાય છે. બધાં એક જ દેશ ભારતનાં રહેવા વાળા, તે પણ મનુષ્ય, અમે પણ મનુષ્ય. પરંતુ એમનું ચરિત્ર (સીરત) દેવતાઓ જેવું છે અને આ દુનિયાનાં મનુષ્યો નું ચરિત્ર અસુરો જેવું છે. આ પણ આદત પડી ગઈ છે. મંદિરોમાં જઈને મહિમા ગાય છે. છે તે પણ મનુષ્ય પરંતુ એમનામાં દૈવીગુણ, અમારામાં આસુરી ગુણ. એટલે અમે અસુર છીએ તેઓ દેવતા છે. કહે છે અસુર અને દેવતાઓની લડાઈ લાગી. હવે દેવતાઓ છે સ્વર્ગ માં, અસુર છે નર્ક માં, દેવતાઓ અહીં કેવી રીતે આવ્યાં જે લડાઈ લાગી. નામ છે દેવતા, તેઓ લડાઈ કેવી રીતે કરશે? દેવતાઓનાં રાજ્યમાં અસરોનું નામ નિશાન નથી. અસુરો નો યુગ-કળિયુગ જૂની પૃથ્વી, દેવતાઓનો યુગ-સતયુગ નવી પૃથ્વી, પછી બંનેનું યુધ્ધ કેવી

રીતે થશે? દેવતાઓ ને યુધ્ધ કરવાની જરુર નથી. તેઓ તો ત્યાં રાજ્ય કરે છે. વાત બહુજ સહજ છે સમજવાની અને સમજાવવાની. આપણે ત્રિમૂર્તિ પણ દેખાડીએ છીએ. લક્ષ્મી-નારાયણ ને શિવબાબાએ બ્રહ્મા દ્વારા રાજ્ય આપ્યું, પરંતુ મનુષ્ય સમજતાં નથી. જે ભગવાન આવીને સમજાવે છે કે મનુષ્ય થી દેવતા બનવાનું છે. દૈવીગુણ ધારણ કરો તો પણ સમજતાં નથી. જેવી રીતે બાપે લક્ષ્મી-નારાયણ ને એવા બનાવ્યાં, એ હવે તમને પણ બનાવી રહ્યાં છે. તો પુરુષાર્થ કરી સર્વગુણ સંપન્ન બનવું જોઇએ. જોવું જોઇએ મારામાં કયા અવગુણ છે. દેહ-અભિમાન ખૂબ છે. દેવતાઓ આત્મ-અભિમાની હતાં ત્યાં એ જાણે છે કે અમે આત્મા એક શરીર છોડી બીજું લઈશું. ત્યાં અકાળે મૃત્યુ નથી થતું, બીમાર નથી થતાં. સંપૂર્ણ હતાં, યથા રાજા તથા પ્રજા..... તેથી નામ જ સ્વર્ગ હતું. અહીં છે નર્ક. કોઇને કહો કે તમે નર્કવાસી છો તો બગડી પડે છે. તમે સમજાવી શકો છો કે જ્યારે ભારત સ્વર્ગ હતું તો લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું. આ નર્ક છે, તો એમનું રાજ્ય જ નથી. દેવતાઓ જે પૂજ્ય હતાં તે જ પુજારી બન્યાં. સતોપ્રધાન થી તમોપ્રધાન દરેક વસ્તુને બનવાનું છે. એવી કોઈ વસ્તુ નથી જે નવી થી જૂની ન થાય. તમે વેશ બદલીને પણ જઈ શકો છો. લક્ષ્મી-નારાયણ નાં મંદિરમાં ખૂબજ મેળો લાગે છે. તમને આ તાત લાગવી જોઈએ કે મનુષ્યને આ બતાવીએ કે એમને બાપે આ રાજ્ય-ભાગ્ય કેવી રીતે આપ્યું. હમણાં તો કોઈ પોતાને દેવતા નથી કહેતાં, બધાં હિન્દુ છે. હિન્દુ કોઈ ધર્મ નથી. હિન્દુ ધર્મ કોણે સ્થાપન કર્યો? કોન્ફરન્સ (સભા) માં લક્ષ્મી-નારાયણનું ચિત્ર પણ લઈ જવું પડે. આ ફર્સ્ટ ક્લાસ ચિત્ર છે. મુંબઇ માં લક્ષ્મી-નારાયણ નું મંદિર ફર્સ્ટ ક્લાસ બનેલું છે. બહુજ રમણીક ચિત્ર છે ફર્સ્ટ ક્લાસ કારીગર હોય છે તો ચિત્ર પણ ફર્સ્ટ ક્લાસ બનાવે છે લક્ષ્મી-નારાયણ ની ઝાંખી દેખાડીને એમને સમજાવવાનું છે કે આ કોણ છે, એમણે કેવી રીતે આ પદ મેળવ્યું? એમણે પૂરાં ૮૪ જન્મ લીધાં છે હમણાં ફરીથી આ રાજયોગ શિખી રહ્યાં છે-ભવિષ્ય માં દેવતા બનવા માટે. મૂળ વાત સારી રીતે સમજાવવાની છે. બાળકો સમજે છે - પ્રદર્શન પર અમે ખૂબ સારું સમજાવ્યું. પરંતુ ખૂબ સારું તો આગળ જઈને સમજાવવાનું છે. હમણાં તો પુરુષાર્થ અનુસાર સમજાવ્યું. સાંભળે ઘણાં છે, એક કાન થી સાંભળી બીજા થી કાઢી નાખે છે. બાબા ઘડી-ઘડી કહે છે, પહેલાં-પહેલાં બાપ નો પરિચય આપો. બાપે સ્વર્ગ બનાવ્યું હતું. આ લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર છે. અમે આ બનવાનો પુરુષાર્થ કરી રહ્યાં છીએ. પ્રજાપિતા બ્રહ્મા છે શિવબાબા નું બાળક. બ્રહ્મા ને ભગવાન નહીં કહેવાશે, એ રચના છે. આ દેવી-દેવતાઓનું રાજ્ય-ભાગ્ય હેવનલી ગોડ ફાધરે આપ્યું- બ્રહ્મા દ્વારા. હમણાં શિવબાબા બ્રહ્મા દ્વારા રાજ્ય સ્થાપન કરી રહ્યાં છે. અમે કહીએ છીએ શિવ ભગવાનુવાચ - બ્રહ્મા દ્વારા. એ અમને ભણાવવા વાળા છે. આના પર જોર આપવાનું છે- ભપકા થી. અનેક બી.કે. છે. તો નશા થી કહેવું જોઈએ કે હું બી.કે. શિવબાબા નો પોત્ર છું. શિવબાબા પાસે થી અમને વારસો મળી રહ્યો છે, બ્રહ્મા દ્વારા અમને રાજયોગ શિખવાડી રહ્યાં છે. અમને એડોપ્ટ કર્યા (અપનાવ્યા) છે. શિવબાબા તમારા પણ દાદા છે. પ્રજાપિતા બ્રહ્મા નાં તમે પણ બાળકો છો. ફક્ત અમે જાણીએ છીએ અને વારસો લઈ રહ્યાં છીએ. તમે નથી જાણતાં, અમે તમને પરિચય આપીએ છીએ. પરંતુ કોઇના ભાગ્ય માં નથી તો સમજતાં નથી. નિશ્ચય નથી કરતાં કે અમે બી.કે. છીએ. શિવ બાબા બ્રહ્મા દ્વારા રાજયોગ શિખવાડે છે. અમને પણ દેવતા બનાવે છે. શિવજયંતિ મનાવે છે. આ ભારત પરમપિતા પરમાત્મા ની જન્મભૂમિ છે. ખૂબ ફકુર (ગર્વ) થી બોલવું જોઈએ. સર્વનાં સદ્ગતિ દાતા એક બાપ છે, ભારત એમની જન્મભૂમિ છે. હમણાં બાપ ફરી આવેલા છે. જયંતિ મનાવે છે પરંતુ એ ક્યારે અને કોના શરીર માં આવે છે, આ નથી જાણતાં. જરુર બ્રહ્માનાં તનમાં આવશે. નહીં તો રાજ્ય ભાગ્ય કેવી રીતે આપે, રાજયોગ કેવી રીતે

શિખવાડે? એમ સ્પષ્ટ કરી સમજાવવાનું છે. તમે પણ બાપ પાસે થી રાજ્ય-ભાગ્ય લો. મહાભારત લડાઈ સામે છે. હવે બાપ પાસે થી પોતાની ભક્તિ નું ફળ લો, અમે તમને સલાહ આપી રહ્યાં છીએ. આવે ઘણાં છે. ચહેરો મનુષ્ય જેવો છે પરંતુ સીરત (ચરિત્ર) વાનર જેવી છે.
તમે સમજાવો કે અમે શ્રીમત પર ચાલીએ છીએ - આ યજ્ઞ માં વિઘ્ન પડશે. વિષ (વિકાર) નાં કારણે અબળાઓ પર અત્યાચાર થાય છે. બ્રહ્માકુમારીઓની નિંદા એટલે થાય છે કારણ કે વિષ છોડાવે છે. આનાં પર મારામારી થાય છે. બાપે કહ્યું છે કે કામ મહાશત્રુ છે. આ સમયે બધાં ધર્મ ભ્રષ્ટ, કર્મ ભ્રષ્ટ છે, બધાં નર્કવાસી છે. બાપ આવીને સ્વર્ગવાસી બનાવે છે. હમણાં પુરુષાર્થ કરી બાપ પાસે થી વારસો લેવાનો છે. પરમપિતા પરમાત્મા ભણાવી રહ્યાં છે. બ્રહ્મા દ્વારા ભક્તિ નું ફળ આપી રહ્યાં છે. એવો નિશ્ચય થઈ જાય તો તરત ભાગે. પરંતુ વિરલા કોઈ ભાગે છે. તમારે ચિત્ર ખૂબજ સારા બનાવવા જોઈએ. એની સાથે ત્રિમૂર્તિ, ઝાડનું પણ કનેક્શન (સંબંધ) છે. ઘણાં બાળકો બહુજ સારી સર્વિસ (સેવા) કરે છે, બીજા પછી ડીસસર્વિસ (કુસેવા) પણ કરે છે. બાપ જાણે છે આ બધું થવાનું જ છે. નોકર ચાકર વગેરે બધાં જોઈએ. જો બ્રાહ્મણ બનવું છે તો શ્રીમત પર ચાલો. કોઈને દુઃખ નહીં આપો. બાપનો પરિચય બધાંને આપતા રહો. બાપ કહે છે કે હું કલ્પ-કલ્પ નાં સંગમયુગ પર ભારત માં જ આવું છું. સર્વની સદ્ગતિ કરું છું. મારી પાસે તો બધાંએ આવવું પડે. તમે જાણો છો કે સર્વનાં લિબ્રેટર (મુક્તિદાતા) અને ગાઈડ (માર્ગદર્શક) અહીં ભારતમાં જ જન્મ લે છે. બાપ ને નામ રુપ થી ન્યારા અને સર્વવ્યાપી કહી દીધાં છે. ભારતવાસીઓએ જ ગ્લાનિ (નિંદા) કરી દીધી છે. એમનો જ બેડો ગર્ક થાય છે. ધર્મ ભ્રષ્ટ, કર્મ ભ્રષ્ટ થઈ પોતાને જ હિન્દુ કહેવડાવી રહ્યાં છે. બાપ સન્મુખ કહે છે - તમે કેટલી ધર્મ ગ્લાનિ કરી છે. મારી પણ ગ્લાનિ કરી છે. તમે જ પવિત્ર દેવી-દેવતા હતાં. હવે અપવિત્ર બની પડ્યાં છો. આ જ દેવી-દેવતા ભારતનાં માલિક હતાં અને ભારત સ્વર્ગ હતું. આ તો બધાં કહે છે હમણાં કળિયુગ છે પછી જરુર ચક્ર રીપીટ થવાનું છે. બાપ કહે છે હું કલ્પ-કલ્પ દુનિયા ને નવી બનાવું છું. તમે લક્ષ્મી-નારાયણ નાં મંદિરમાં જઈને ટ્રસ્ટીને મળી શકો છો. આજકાલ માતાઓનું માન ઓછું છે કારણ કે ભીખ માંગવા વાળી બહુજ નીકળી છે. તમે રાખડી બાંધવા જાઓ છો તો તે સમજશે-ભીખ માંગવા આવ્યાં છે. કહી દેશે ફુરસદ નથી, ભગાડવાની કોશિશ કરશે, સફેદ વસ્ત્રધારી પણ ઘણાં નીકળ્યાં છે એટલે બાબા સમજાવે છે - બહુરુપી બનો, ટીપટોપ થઈને જાઓ. મોટર માં બેસીને જાઓ. યુક્તિ થી વાત કરો. અમે સાંભળ્યું છે કે તમે લક્ષ્મી-નારાયણ નું મંદિર બનાવ્યું છે, અમે તમારા દર્શન કરવા આવ્યાં છીએ. ભલા તમને ખબર છે - આ જ સ્વર્ગ નાં મહારાજા મહારાણી હતાં. અમને મંદિર બહુજ ગમ્યું ત્યારે અમને મન થયું બનાવવા વાળા નાં દર્શન કરીએ. તમે જરુર એમની જીવનકહાની જાણતાં હશો, અમને પણ થોડો પરિચય આપો. એવું પૂછીને પછી એમને યથાર્થ વાત સંભળાવવી જોઈએ. સંન્યાસીઓ વગેરેને પણ તમારાથી જ મુક્તિ નો રસ્તો મળવાનો છે, એમને પણ સમજાવો. તમારા વગર તો એમનું પણ કલ્યાણ થવાનું નથી. તો આટલો જ્ઞાન નો નશો હોવો જોઈએ. સર્વિસ પર હશે તો નશો પણ રહેશે. એવું નહીં થોડી વાત માં અવસ્થા ડગમગ થઈ જાય. ગવાય છે - સ્તુતિ-નિંદા માં સમાન રહેવું જોઈએ. લક્ષ્મી-નારાયણ ને બાબા કેટલાં યાદ કરે છે. કેમ નહીં યાદ કરે? બની રહ્યાં છે ને. મનુષ્ય ખૂબ મોટાં-મોટાં મંદિર બનાવે છે, લક્ષ્મી-નારાયણ નું ચિત્ર એવું હોય જે જોઈને ખુશ થઈ જાય. આખો દિવસ ખ્યાલાત ચાલવા જોઈએ - કેવી રીતે જઈને સર્વિસ કરીએ? તપાસ કરીને ભાષણ કરવું જોઈએ. લક્ષ્મી-નારાયણ ની મહિમા કરવી જોઈએ. એવી જગ્યાએ જવું જોઈએ જે મોટાં-મોટાં નો અવાજ નીકળે તો સારું છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) જ્ઞાન નાં નશામાં રહેવાનું છે. નિંદા-સ્તુતિ માં સમાન સ્થિતિ રાખવાની છે. અવસ્થા ડગમગ નથી કરવાની.

૨) બધાંને બાપનો પરિચય આપી લક્ષ્મી-નારાયણ ની સાચ્ચી જીવન કહાની સંભળાવવાની છે. સર્વ નું કલ્યાણ કરી શ્રીમત પર આગળ વધતા રહેવાનું છે.

**વરદાન :- "હું" શબ્દની સ્મૃતિ દ્વારા પોતાનાં ઓરિજીનલ (મૂળ) સ્વરુપ માં સ્થિત થવા વાળા દેહ નાં બંધન થી મુક્ત ભવ**

એક "હું" શબ્દ જ ઉડાવવા વાળો છે અને "હું" શબ્દ જ નીચે લાવવા વાળો છે. હું કહેવાથી ઓરીજનલ નિરાકાર સ્વરુપ યાદ આવી જાય, આ નેચરલ (કુદરતી) થઈ જાય, દેહભાન નું હું સમાપ્ત થઈ જાય તો દેહ નાં બંધન થી મુક્ત બની જશો કારણ કે આ હું શબ્દ જ દેહ-અહંકાર માં લાવીને કર્મ બંધન માં બાંધી દે છે. પરંતુ હું નિરાકારી આત્મા છું જ્યારે આ સ્મૃતિ આવે છે તો દેહભાન થી પરે છો, કર્મ નાં સંબંધ માં આવશો, બંધન માં નહીં.

**સ્લોગન :-** નિશ્ચિત વિજય અને નિશ્ચિંત સ્થિતિ નો અનુભવ કરવા માટે સંપૂર્ણ નિશ્ચય બુદ્ધિ બનો.